# વિભાગ - 1 :
# (LANGUAGE, MATHS-SCIENCE, SOCIAL SCIENCE)

1. 'જ્ઞાન શક્તિ' નામનું મુખપત્ર કઈ સંસ્થા બહાર પાડે છે ?
જવાબ : સર્વ શિક્ષા અભિયાન

2. "હું શિક્ષણમાં મનોવિજ્ઞાન પ્રયોજીશ" - આવું વિધાન કયા મનોવૈજ્ઞાનિકે કર્યું હતું ?
જવાબ : પેસ્ટોલોજી

3. "માનવીની સંપૂર્ણ વ્યક્તિમતતાનું પ્રગટીકરણ એટલે કેળવણી" - આ કેળવણીની વ્યાખ્યા કોણે આપી છે ?
જવાબ : સ્વામી વિવેકાનંદ

4. જી.સી.ઈ.આર.ટી. દ્વારા થયેલ સર્વેક્ષણ SAP નું પૂરું નામ શું છે ?
જવાબ : સ્ટુડન્ટ એચિવમેન્ટ પ્રોફાઈલ

5. એક દિવાલને રંગકામ કરવા માટે પ્રથમ અસ્તરમાં લીટર દિઠ 6 ચો.મીટર રંગકામ થાય છે. બીજા અસ્તરમાં લીટર દિઠ 12 ચો.મીટર રંગકામ થાય છે, તો બે અસ્તરનું રંગકામ કરવામાં સરેરાશ લીટર દિઠ કટેલા ચો. મીટર રંગકામ થાય ?
જવાબ : 4

6. 1 થી 10 વચ્ચેના બે અંકો એવા છે કે જેમનો ગુણાકાર તેમના સરવાળામાં ઉમેરીએ તો 35 થાય છે તો તે બે સંખ્યા કઈ ?
જવાબ : 3 અને 8

7. હું તમારા ગામમાં ગઈ કાલેના આગલે દિવસે આવ્યો અને પરમ દિવસે પાછો જવાનો. પછી મારે ચોવીસ કલાકની મુસાફરી થવાની શનિવારે મારે જવાને સ્થળે પહોંચી જઈશ, તો આ વાત કહી તે દિવસે કયો વાર હશે ?
જવાબ : બુધવાર

8. એવી પાંચ અંકોની સંખ્યા કઈ છે કે જેમાં પ્રથમ અંક બેકી સંખ્યા છે, બીજો અંક 1 અથવા 3 નથી, શતકના અંકનું મૂલ્ય 3 છે, દશકના સ્થાનની કિંમત 2 થવા 3 છે, તમામ અંકોનું મૂલ્ય 1 થી 5 સુધીનું છે.
જવાબ : 45321

9. અભિસંધાનમાં ઉદ્દીપકને બદલે પ્રતિચારને અનિવાર્ય ગણનાર મનોવૈજ્ઞાનિક કોણ હતા ?
જવાબ : સ્કીનર

10. શારીરિક વિકાસમાં સ્થિરતા અને બાળકનું સ્વાવલંબી બનવું આ લક્ષણો કઈ અવસ્થામાં જોવા મળે છે ?
જવાબ : કિશોરાવસ્થા

11. "કુદરત દ્વારા મળતી કેળવણી જ સાચી કેળવણી" સંકલ્પના કોણે આપી ?
જવાબ : રૂસો

12. પરીક્ષામાં ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થી પરીક્ષકનો વાંક કાઢે છે. - આ કયા પ્રકારની બચાવ પ્રયુક્તિ છે ?
જવાબ : પ્રક્ષેપણ

13. બાળવિકાસ અને શિક્ષણના સિદ્ધાંતો સૌપ્રથમ નીચેના પૈકી કોણે આપ્યા ?
જવાબ : મેડમ મારિયા મોન્ટેસોરી

14. એન.સી.એફ. 2005માં નીચેના પૈકી કઈ બાબત પર સૌથી વધુ ભાર મૂકવામાં આવ્યો છે ?
જવાબ : જ્ઞાનનું સર્જન

15. ક્ષમતાકેન્દ્રી શિક્ષણ સાથે નીચેના પૈકી કઈ બાબત સૌથી વધુ લાગુ પડે છે ?
જવાબ : અધ્યયના ક્ષેત્રો મુજબ ક્ષમતાઓ

16. ગાંધીજી પ્રેરિત બુનિયાદી શિક્ષણના સિદ્ધાંતોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
જવાબ : વ્યાવસાયિક શિક્ષણ

17. વિદ્યાર્થીઓના મૂલ્યાંકન અંગે અદ્યતન સંકલ્પના કઈ છે ?

જવાબ : સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન

18. ધો. - 8માં ભણતી વિદ્યાર્થીની તાસ દરમ્યાન વર્ગવ્યવહારમાં સંકોચ અનુભવે છે અને પ્રશ્નોના જવાબો આપવાનું ટાળે છે. શિક્ષક તરીકે તમે શું કરશો ?

જવાબ : વર્ગમાં ગ્રૂપ ચર્ચામાં તથા સહઅભ્યાસીક પ્રવૃત્તિમાં ભાગ લેવા પ્રેરીશ.

19. શિક્ષકે વર્ગવ્યવહારને અસરકારક બનાવવા માટે શું કરવું જોઈએ ?

જવાબ : એકમની પૂર્વ તૈયારી કરીને જ વર્ગમાં જવું જોઈએ.

20. શાળાએ મોડા આવીને અનંત જુદા જુદા બહાના રજુ કરે છે તો તેના વર્તનને શું કહી શકાય ?

જવાબ : યોક્તિકીકરણ

21. ગણિત શિક્ષણમાં નીચેના પૈકી કઈ બાબત સૌથી વધુ લાગુ પડે છે ?

જવાબ : તર્ક વિકાસ

22. વર્ગખંડમાં થતો ઘોંઘાટ એ શું સૂચવે છે ?

જવાબ : આસરકારક વર્ગવ્યવહારનો અભાવ

23. વર્ગખંડમાં નીચેનામાંથી કઈ બાબત સૌથી વધુ અગત્યની છે ?

જવાબ : અસરકારક પ્રત્યાયન

24. એક સરવાળામાં આંકડાને બદલે અક્ષરો આપેલા છે. તેને આધારે મૂળ સંખ્યાઓ શોધો.

$$\begin{array}{r} x\ y \\ +\ z\ x \\ \hline x\ y\ x \end{array}$$

જવાબ : 10 + 91

25. નીચેની ગણિતની ક્રિયામાં આંકડાની જગ્યાએ પ્રતિકો આપેલ છે.

$\triangle \div \square = \triangle$

$\triangle - \square = \square$

$* - \square = \triangle$

$\neq - \triangle = *$

$\neq + * = \otimes$

તો $\otimes$ ની કિંમત કેટલી થાય ?

જવાબ : 8

26. ગુજરાતી મૂળાક્ષરનો સાતમો, અગિયારમો અને ઓગણત્રીસમો વ્યંજન કયો-કયો છે ?

જવાબ : છ, ટ, વ

27. 'આ નભ ઝૂક્યું ......' ગ્રંથમાં કયા કવિની સમગ્ર કવિતાઓ પ્રગટ થઈ છે ?

જવાબ : પ્રિયકાન્ત મણિયારની

28. 'હરિનો મારગ છે શુરાનો' પદની રચના કરનાર કવિશ્રી પ્રિતમદાસની અન્ય રચના કઈ છે ?

જવાબ : આનંદ મંગળ કરૂં આરતી.....

29. "મને એ જોઈને હસવું હજારોવાર આવે છે, પ્રભુ ! તારાં બનાવેલા આજે તને બનાવે છે !" - પ્રસ્તુત પંક્તિ કયા ગઝલકારની છે ?

જવાબ : હરજી લવજી દામાણી 'શયદા'

30. ગુજરાતમાં પાયાની કેળવણી માટે 'મૂછાળી મા' તરીકે જાણીતા શિક્ષણ શાસ્ત્રીનું કયું પુસ્તક પી.ટી.સી.ના અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવ્યું છે ?

જવાબ : દિવા સ્વપ્ન

31. ભાષાના ઉપયોગ વગર થતા પ્રત્યાયનને કયું પ્રત્યાયન કહેવાય છે ?

જવાબ : અશાબ્દિક પ્રત્યાયન

32. 'શર' શબ્દનો અર્થ .................... થાય છે

જવાબ : બાણ

33. સાહિત્ય ક્ષેત્રે અપાતો જ્ઞાનપીઠ એવોર્ડ સૌ પ્રથમ કઈ મહિલાને અપાયો હતો ?

જવાબ : આશાપૂર્ણા દેવી

34. ગુજરાતી ભાષાનો પ્રથમ શબ્દકોશ .....

જવાબ : નર્મકોશ

35. ઉચ્ચારની રીતે જુદો પડતો મૂળાક્ષર કયો છે ?

જવાબ : ગ

36. લેખનની તપાસણી કરતાં શબ્દો ભેગા લખવાની સૂચના આપવા માટે તમે કયો સંકેત વાપરશો ?

જવાબ : 

37. નીચે આપેલાં શબ્દનાં રૂપોમાંથી કયું રૂપ શબ્દકોશમાં જોવા મળશે ?

જવાબ : ઉપજાવવું

38. ગુજરાતના લોકનાટ્ય સમા ભવાઈનો પ્રારંભ કોણે કર્યો ?

જવાબ : અસાઈતે

39. These boys are ____________ good as those sitting under the tree.

જવાબ : as

40. ____________ healthy he is,he could not run fast.

જવાબ : however

41. She went out of the kitchen ____________

જવાબ : singing

42. I usually ____________ to college but today ____________ in my uncles car.

જવાબ : walk, went

43. See, that gardener ____________ the roses from the garden.

જવાબ : is plucking

44. He moved ____________ the room.

જવાબ : in to

45. Always try to be polite ____________ others.

જવાબ : to

46. We regret to inform You that We ____________ just ____________ our new house.

જવાબ : have, sold

47. Don't disturb Your father, he ____________ his books since early this morning.

જવાબ : has been arranging

48. Take the toy out of the box ____________ you throw the box away.

જવાબ : before

49. 'લેફ્ટનન્ટ' માટેનો સાચો અંગ્રેજી શબ્દ નીચે પૈકી કયો છે ?

જવાબ : lieutenant

Prepp
Your Personal Exam Guide

50. ____________ Bay of Bengal lies in the Indian ocean

જવાબ : The

51. રાજ્યકક્ષાએ 2011માં યોજાયેલ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં કુલ કેટલા વિભાગો છે ?

જવાબ : પાંચ

52. ઈન્ડીયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન ISRO નું મુખ્ય મથક ક્યાં આવેલું છે ?

જવાબ : બેંગલોર

53. ગુજરાત યુનિવર્સિટીના કુલાધિપતિ કોણ છે ?

જવાબ : કમલા બેનીવાલ

54. બનાસ નદીનું પ્રાચીન નામ શું છે ?

જવાબ : પર્ણાશા

55. નાનાથી મોટા માપના ક્રમમાં ગોઠવો.

(1) MB, (2) GB, (3) KB, (4) Byte

જવાબ : 4 - 3 - 1 - 2

56. ટીમમાં (અવેજી સિવાય) ખરેખર રમતા ખેલાડીઓની સંખ્યાને ચઢતા ક્રમમાં ધ્યાને લઈ રમતોને ક્રમમાં ગોઠવો.

જવાબ : વૉલીબોલ, કબડ્ડી, ખો-ખો, ક્રિકેટ

57. ક્ષેત્રફળની દૃષ્ટિએ મોટાથી નાના જિલ્લાઓનો સાચો ક્રમ કયો ?

જવાબ : બનાસકાંઠા, સુરેન્દ્રનગર, અમદાવાદ, વડોદરા

58. પુસ્તક અને લેખકના સાચા જોડકાનો ક્રમ કયો છે ?

| | |
|---|---|
| (1) પ્રિન્સિપલ ઉપનિષદ | (P) સ્વામી સચ્ચિદાનંદ |
| (2) મારા અનુભવો | (Q) કીશોરલાલ મશરૂવાળા |
| (3) મારું વીલ અને વારસો | (R) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન |
| (4) ગીતા મંથન | (S) શ્રીરામ શર્મા આચાર્ય |

જવાબ : 1 - R, 2 - P, 3 - S, 4 - Q

59. ભારતના રાષ્ટ્રપતિની જુલાઈ-2012 ચૂંટણી માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

જવાબ : રીટર્નિંગ ઓફીસર તરીકે રાજ્ય સભાના મહામંત્રી રહેશે.

60. રમત સાથે ખેલાડીઓના જોડકાં ગોઠવો.

| | |
|---|---|
| (1) બોક્સીંગ | (P) મનોજકુમાર |
| (2) રેસ્લીંગ | (Q) અનીસા સૈયદ ખાન |
| (3) શુટીંગ | (R) ગીતા અને લલિતા |
| (4) હોકી | (S) ગુરૂજીન્દર સિંહ |

જવાબ : 1 - P, 2 - R, 3 - Q, 4 - S

61. શહેનશાહ-એ-ગઝલના નામે વિખ્યાત મહેંદી હસન મૂળ ક્યાંના વતની હતા ?

જવાબ : લુણા - રાજસ્થાન

62. ગુજરાત રાજ્યમાં કેટલી યુનિવર્સિટી તથા કોલેજો.

જવાબ : 42 યુનિવર્સિટી અને 1762 કોલેજો

63. નીચેના તાલુકાઓ પૈકી કયા તાલુકાનો સમાવેશ સરહદી વિસ્તારના તાલુકા તરીકે થતો નથી ?

જવાબ : થરાદ

64. પાવાગઢમાં આવેલા તળાવો નીચેનામાંથી કયા નામે જાણીતા છે ?

જવાબ : દુધિયા, છાસિયા, તેલિયા

65. ગુજરાતમાં ન્યુક્લિયર પાવર સ્ટેશન ક્યાં આવેલું છે ?

જવાબ : કાકરાપાર

66. ભારતને મિસ એશિયા પેસિફિક સૌંદર્ય સ્પર્ધામાં વિજેતા થવાનું માન કઈ યુવતીએ અપાવ્યું ?

જવાબ : હિમાંગિનીસિંહ યેદુ

67. ચાલુ અષાઢ માસમાં નિકળેલ રથયાત્રા પૈકી અમદાવાદના જગન્નાથજીની અને ડાકોરના રણછોડરાયની રથયાત્રાઓ ક્રમશઃ કેટલામી હતી ?

જવાબ : 135 અને 244

68. સંવતોના જોડકા ગોઠવો.

| સંવત | વર્ષ |
|---|---|
| (1) વિક્રમ | (P) 1934 |
| (2) કચ્છી હાલારી | (Q) 2068 |
| (3) શાકે | (R) 2069 |
| (4) જૈનવીર | (S) 2538 |

જવાબ : 1 - Q, 2 - R, 3 - P, 4 - S

69. ગઈ વીસમી સદીમાં કેટલીક સાલ એવી છે કે તેમના અંકોનો સરવાળો તેર થાય છે. તો તેવી કેટલી સાલ હશે ?

જવાબ : 4

70. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા કયું શૈક્ષણિક સામાયિક પ્રસિદ્ધ કરવામાં આવે છે ?

જવાબ : જીવન શિક્ષણ

71. કૈલાસ માનસરોવર કયા દેશમાં આવેલું છે ?

જવાબ : તિબેટ (ચીન)

72. નીચેના દૈનિક અખબારો કયા વિસ્તારમાંથી પ્રકટ થાય છે ? જોડકાં ગોઠવો.

| અખબારનું નામ | વિસ્તાર |
|---|---|
| (1) ગુજરાત મિત્ર | (P) સૌરાષ્ટ્ર |
| (2) રખેવાળ | (Q) ચરોતર |
| (3) ફુલછાબ | (R) ઉત્તર ગુજરાત |
| (4) નયા પડકાર | (S) સૂરત |

જવાબ : 1 - S, 2 - R, 3 - P, 4 - Q

73. નીચે દર્શાવેલ વડાપ્રધાનોને તેમના કાર્યકાળ પ્રમાણે ક્રમસર ગોઠવો.

(1) ચૌધરી ચરણસિંહ (2) ચંદ્રશેખર (3) વિશ્વનાથ પ્રતાપસિંહ (4) એચ. ડી. દેવગૌડા

જવાબ : 1 - 3 - 2 - 4

74. નીચે પૈકી કયા રાષ્ટ્રપતિ ઉપરાષ્ટ્રપતિ તરીકે નિમાયેલા ન હતા ?

જવાબ : શ્રી જ્ઞાની ઝૈલસિંઘ

75. 'ડુક મારવી' શબ્દ કઈ રમત સાથે જોડાયેલો છે ?

જવાબ : ખો-ખો

●

# વિભાગ - 2
# (MATHS-SCIENCE)

76. $\sqrt[3]{175616}$ =

જવાબ : (A) 56

77. ગણિત શાસ્ત્રી આર્યભટ્ટ માટે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

જવાબ : 'આર્યભટ્ટ' નામના પ્રથમ ઉપગ્રહનું નિર્માણ કર્યું.

(D) $ax - by = c$ પ્રકારના સમીકરણના ઉકેલની રીત આપનાર પ્રથમ હતા.

78. વર્તુળ આલેખ દોરવા માટે કઈ બાબતનું જ્ઞાન વિશેષ જરૂરી છે ?

જવાબ : કેન્દ્ર આગળ ખુણાઓના માપ વિશે

79. પૂર્ણાંક સંખ્યા માટે નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

જવાબ : ગુણાકારનું સરવાળા પર વિભાજન શક્ય નથી.

80. $\sqrt{14\frac{1}{16}}$ =

જવાબ : $3\frac{3}{4}$

81. 8 દિવાસળીની મદદથી વધુમાં વધુ કુલ કેટલા ચોરસ રચી શકાય ?

જવાબ : ચૌદ

82. 1, 1, 4, 8, 9, 27, 16, ☐ પેટીમાં કઈ સંખ્યા આવશે ?

જવાબ : 64

83. કયું સુત્ર સાચું નથી ?

જવાબ : ખરાજાત = મૂળ કિંમત – વેચાણ કિંમત

84. કોઈ વસ્તુની મૂળ કિંમત ઉપર 25% વધુ ચઢાવીને MRP નક્કી કરવામાં આવે છે અને MRP ઉપર 20% કમીશન આપવામાં આવે તો નીચેનામાંથી શું થાય ?

જવાબ : 0% નફો થાય

85. બે સમાંતર રેખાઓની છેદિકાથી બનતા ખૂણાઓ માટે શું સાચું નથી ?

જવાબ : અંતઃકોણોનો તફાવત 90° હોય છે.

86. $x^2 + 3x - 8 - 5x$ ના અવયવ શોધો.

જવાબ : (x – 4) (x + 2)

87. $2m^2 + 3m\,n - 8n^2 - (m^2 - 2mn - 2n^2) =$ ...................

જવાબ : m2 + 5mn – 6n2

88. ગણિતશાસ્ત્રી ભાસ્કરાચાર્ય માટે કયું વિધાન સાચું નથી ?

જવાબ : તેમની પત્નિનું નામ લીલાવતી હતું.

89. 1 થી 100 સંખ્યા સુધીમાં કેટલી પૂર્ણ વર્ગ સંખ્યાઓ આવે ?

જવાબ : 10

90. 1 અને 100 સંખ્યાની વચ્ચે કેટલી પૂર્ણ ઘન સંખ્યાઓ આવે ?

જવાબ : 3

Prepp
Your Personal Exams Guide

**91.** કઈ સંખ્યાની વ્યસ્ત સંખ્યાનું અસ્તિત્વ નથી ?

જવાબ : શૂન્ય

**92.** $a, b \neq 0$ તથા $m, n \in Q$ હોય તો નીચેનામાંથી કયું વિધાન સાચુ નથી ?

જવાબ : $a0 = 0$

**93.** ગણ માટે કયું વિધાન સાચુ નથી ?

જવાબ : ગણના દરેક ઘટકને અલ્પવિરામથી છુટો પડાય છે. અને અંતે પૂર્ણવિરામ મુકાય છે.

**94.** નીચેનામાંથી સાચુ વિધાન કયું ?

જવાબ : $N \in Z \in Q \in R$

**95.** 'ત' પરથી શરૂ થતા ગુજરાતના જિલ્લાઓનો ગણ કયા પ્રકારનો છે ?

જવાબ : એકાકી ગણ

**96.** તળિયાવાળા ખુલ્લા નળાકારની કુલ સપાટીનું ક્ષેત્રફળ = ...................

જવાબ : $\pi r(2h+r)$

**97.** 50 સે.મી. ત્રિજ્યાના પાયાવાળી ટાંકીમાં 2 મીટર ઉંચાઈ સુધી પાણી ભરેલ છે, તેમાંથી 10 લીટરના કેટલા કેન ભરી શકાય ?

જવાબ : 157

**98.** એક ટ્રેનની લંબાઈ 500 મીટર છે તે 4 કી.મીટર લાંબા બોગદામાંથી 90 કી.મી. / કલાકની ઝડપથી પસાર થાય, તો ટ્રેનને આ બોગદાના એક છેડેથી દાખલ થઈ બીજા છેડે સંપૂર્ણ બહાર નિકળતા કેટલો સમય લાગે ?

જવાબ : 3 મીનીટ

**99.** અરજણભાઈના વાડામાં કેટલાક પશુઓ અને પક્ષીઓ છે તેમના માથા ૩૨ અને પગ ૧૦૦ થાય છે તો કેટલા પક્ષીઓ હશે ?

જવાબ : 14

**100.** ચતુષ્કોણ માટે કયું વિધાન સત્ય નથી ?

જવાબ : અંતર્મુખ ચતુષ્કોણના વિકર્ણો પરસ્પર છેદે છે.

**101.** A = {1, 2, 4, 8, 16, 32} ને ગુણધર્મની રીતે લખો.

જવાબ : A = {x/x એ 32ના અવયવો}

**102.** ભારતીય અંક સંખ્યા મુજબ $10^{12}$ નું નામ આપો.

જવાબ : મહાપદ્મ

**103.** વિવિધ એકમો વચ્ચે જોડકાં ગોઠવો.

| | |
|---|---|
| (1) 1 ફૂટ | (P) 1.0936 વાર |
| (2) 100 અર | (Q) 30.48 સે.મી. |
| (3) 1 એકર | (R) 1 હેક્ટર |
| (4) 1 મીટર | (S) 40 ગૂંઠા |

જવાબ : 1 - Q, 2 - R, 3 - S, 4 - P

**104.** P = {ક્રિકેટ, ખોખો, હૉકી, વૉલીબોલ} ગણના ઉપગણની સંખ્યા કેટલી થાય ?

જવાબ : 16


**105.** દશ મીટર લંબાઈની ચોરસ જમીનનું ઘાસ નીંદતા એક મજુરને એક કલાક લાગે તો 30 મીટર લંબાઈની ચોરસ જમીનનું ઘાસ નીંદતા કેટલો સમય લાગે.

જવાબ : 9 કલાક

106. એક કામ પૂર્ણ કરવા જેટલા મજુર રાખ્યા તેટલા દિવસમાં તે કામ પૂર્ણ થયું. જો છ માણસ વધુ રાખ્યા હોય તો એક જ દિવસમાં કામ પૂર્ણ થાય, તો કેટલા મજુર રાખેલ હશે.

જવાબ : 3

107. 30 મીટર x 20 મીટરના બાગમાં વચ્ચે 2 મીટર પહોળાઈનો આડો અને ઉભો રસ્તો છે, તો રસ્તામાં એક ચોરસ મીટરની કેટલી લાદીઓ ગોઠવી શકાય ?




જવાબ : 96

108. $\frac{3}{7}+\frac{4}{7}\times\frac{7}{5}\div\frac{7}{10}-\frac{8}{7}=$ ..................

જવાબ : $\frac{3}{7}$

109. કાંટાવાળી ઘડીયાળમાં 10 કલાકને 10 મીનીટના સમયે બે કાંટા વચ્ચે કેટલા અંશનો ખૂણો થાય ?

જવાબ : 115°

110. $(a+b)^2-(a-b)^2$ = ..................

જવાબ : 4ab

111. એક ટાંકીને બે નળ છે. ઉપરના નળથી ટાંકી 6 કલાકમાં ભરાય છે, જ્યારે તળીયાના નળથી ટાંકી 15 કલાકમાં ખાલી થાય છે. જો નળ એક સાથે ખોલવામાં આવે તો ટાંકીને ભરાતા કેટલો સમય લાગે ?

જવાબ : 10 કલાક

112. ગણિત માટે ઉદાહરણ આપીને નિયમ પ્રસ્થાપિત કરવો અને ત્યારબાદ તેવા બીજા ઉદાહરણો આપવા તે ગણિત શિક્ષણની કઈ પદ્ધતિ કહેવાય ?

જવાબ : આગમન નિગમન પદ્ધતિ

113. ચુંબક માટે કયું વિધાન સાચુ નથી ?

જવાબ : ચુંબકનો જે છેડો ઉત્તર દિશામાં સ્થિર થાય તેને દક્ષિણ ધ્રુવ કહે છે.

114. નીચેનામાંથી કયો પદાર્થ એસિડ નથી ?

જવાબ : ખાંડનું પાણી

115. એસિડ માટે સાચુ વિધાન કયું ?

જવાબ : સ્પર્શે દાહક હોય છે.

116. નીચેનામાંથી કયો પદાર્થ (દ્રાવણ) બેઈઝ છે ?

જવાબ : NaOH

117. $NaOH + H_2SO_4 \rightarrow$ સાચું સૂત્ર લખો.

જવાબ : 2NaOH + H2SO4 $\rightarrow$ Na2SO4 + 2H2O

118. કયું બીજ દ્વિદળ નથી ?
જવાબ : જુવાર
119. બીજને ઉગવા માટે કયું પરિબળ જરૂરી નથી ?
જવાબ : શૂન્યાવકાશ
120. ફુદીનો કેવા પ્રકારનું પ્રકાંડ ધરાવે છે ?
જવાબ : વિસર્પી
121. સોટીમય મૂળતંત્ર કઈ વનસ્પતિમાં જોવા મળે છે ?
જવાબ : રાયડો
122. પાણીનો મુખ્ય સ્ત્રોત કયો છે ?
જવાબ : વરસાદ
123. 1 પ્રકાશ વર્ષ =
જવાબ : 9.46 × 1012 કી.મીટર
124. કાર્બોદિત પદાર્થ પર આયોડિનનું ટીપું નાખવાથી કેવો રંગ પરીવર્તન થાય છે ?
જવાબ : ઘેરાશ પડતો કાળો રંગ
125. ચરબી માટે કયું વિધાન સાચુ નથી ?
જવાબ : શેરડી, મકાઈમાંથી વિપુલ પ્રમાણમાં ચરબી મળે છે.
126. પ્રોટીન ધરાવતા બીજ ઉપર કયા રસાયણ નાંખતા જાંબલી રંગ આપે છે ?
જવાબ : કોસ્ટિક સોડા અને મોરથૂથૂ
127. વિટામીન 'ઈ' ની ઉણપથી કયો રોગ થાય છે ?
જવાબ : પાંડુ રોગ
128. નીચેનામાંથી કયો રોગ ત્રુટિજન્ય રોગ નથી ?
જવાબ : સિફીલીસ
129. વડની વડવાઈઓ શું છે ?
જવાબ : અવલંબન મૂળ
130. પર્ણના વિશિષ્ટ કાર્યો પૈકી નીચેનામાંથી કયું છે ?
જવાબ : ખોરાકનો સંગ્રહ કરે છે.
131. પાણીના વિદ્યુત વિભાજન માટે વપરાતા સાધનનું નામ આપો.
જવાબ : વોલ્ટા મીટર
132. કયો વાયુ દહનપોષક છે ?
જવાબ : ઑક્સિજન
133. કેટલા PPM થી વધુ PPM વાળું પાણી કઠિન પાણી કહેવાય ?
જવાબ : 200 PPM
134. કોષ કેન્દ્રમાં શાનો સમાવેશ થતો નથી ?
જવાબ : કણાભસૂત્રો
135. નીચેનામાંથી કઈ અંગીકા પ્રાણી કોષમાં કોષ વિભાજનની ક્રિયા વખતે દ્વિધ્રુવીય ત્રાકનું સર્જન કરે છે ?
જવાબ : તારાકેન્દ્ર
136. એક કોષી વનસ્પતિ કોષ કયો છે ?
જવાબ : વોર્ટીશેલા

137. નકારમાં માથું ધુણાવતા નાકના ટેરવાની ગતિનો પ્રકાર કયો થશે ?
જવાબ : આંદોલિત ગતિ

138. બળ કોને કહેવાય ?
જવાબ : પદાર્થની સ્થિતિમાં ફેરફાર કરનારી બાહ્ય અસરને

139. કાનમાં પેંગડું એ કાનના કયા ભાગમાં આવેલું છે ?
જવાબ : મધ્યકર્ણ

140. ભારતના કયા વૈજ્ઞાનિક જે-તે વિસ્તારની વનસ્પતિનું અવલોકન કરી ક્યાં ખોદવાથી પાણી નીકળશે અને ક્યાં કુદરતી તેલ નીકળશે તે કહી શકતા હતા ?
જવાબ : વરાહ મિહિર

141. થાઈરોઈડ ગ્રંથિમાંથી થતા થાઈરોક્સિન સ્રાવ માટે કયું વિધાન સાચુ છે ?
જવાબ : ચયાપચયની ક્રિયાઓનું નિયમન કરે છે.

142. કનિનિકાનું કાર્ય શું છે ?
જવાબ : યોગ્ય પ્રમાણમાં નાની મોટી થઈ આંખમાં પ્રવેશતા પ્રકાશનું નિયંત્રણ કરે છે.

143. "ઉર્જાનો નાશ થતો નથી તેમજ તેને ઉત્પન્ન કરી શકાતી નથી માત્ર ઉર્જાનું સ્વરૂપ બદલાય છે. વિશ્વની ઉર્જાનો જથ્થો હંમેશાં અચળ રહે છે." - આ વિધાનને શાનો નિયમ કહે છે ?
જવાબ : ઉર્જા સંરક્ષણતાનો નિયમ

144. જળ વિદ્યુત મથકમાં થતું ઉર્જાનું રૂપાંતર કયા પ્રકારનું છે ?
જવાબ : ગતિ ઉર્જાનું યાંત્રિક ઉર્જામાં અને યાંત્રિક ઉર્જાનું વિદ્યુત ઉર્જામાં

145. નીચેનામાંથી કયા પ્રકારના રેશા કુદરતી રેસા છે.
જવાબ : રેશમ

146. નીચેનામાંથી કયો પ્રકાર પ્લાસ્ટિકના પ્રકારનો નથી ?
જવાબ : એક્રલિક

147. ગોગલ્સ(ચશ્મા)માં સૂર્યપ્રકાશથી રક્ષણ મેળવવા કયો કાચ વપરાય છે ?
જવાબ : ફોટોક્રોમિક કાચ

148. દેડકો કેવું પ્રાણી છે ?
જવાબ : ઉભયજીવી

149. નીચેનામાંથી જલોદ્ભિદ્ વનસ્પતિ કઈ છે ?
જવાબ : શિંગોડા

150. જુદા જુદા માધ્યમમાં પ્રકારશનો વેગ શોધી જોડકાં ગોઠવો.

| માધ્યમ | વેગ |
|---|---|
| (1) શૂન્યાવકાશ / હવા | (P) 2,25,000 km / sec. |
| (2) સાદો કાચ | (Q) 3,00,000 km / sec. |
| (3) પાણી | (R) 1,80,000 km / sec. |

જવાબ : 1 - Q, 2 - R, 3 - P

• • •